# રાજ્યમાં નવા ૫૬૩ કેસ, વધુ ૨૧નાં મોત

## ૫૬૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા : અમદાવાદમાં ૩૧૪ તેમજ સુરતમાં ૧૩૨ કેસો સપાટીએ આવ્યા : કોરોનાથી અત્યાર સુધીમાં ૧૬૮૫ મૃત્યુ પામ્યા

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં સતત દસમાં દિવસે કોરોના પોઝિટિવના નવા કેસનો આંકડો ૫૦૦ને પાર ગયો છે. આજે વીતેલા ૨૪ કલાકમાં રાજ્યમાં ૫૬૩ નવા કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૨૭૮૮૦ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ લોકોના મૃત્યુ સાથે કુલ મૃત્યુઆંક ૧૬૮૫ પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૪૪૬૯ ટેસ્ટ થયા હતા. ૫૬૦ વ્યક્તિઓ સાજા થઈને ઘરે ગયા હતાં. જ્યારે વેન્ટીલેટર પર ૬૭ વ્યક્તિઓ છે. રાજ્યમાં આજે ટેસ્ટ છેલ્લા કેટલાક દિવસની સરખામણીમાં ૪૪૬૯ ટેસ્ટ કરાયા હોવા છતાં આજે ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવનો આંકડો ૫૬૩ પર પહોંચ્યો છે. રાજ્યમાં ૨૧ વ્યક્તિઓના કોરોનાને કારણે ૨૪ કલાકમાં મૃત્યુ થયા છે. જેમાં અમદાવાદમાં ૧૬ અને સુરતમાં ૫ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૧૬૮૫ મૃત્યુ નોંધાયા છે. રાજ્યમાં ૨૫ જિલ્લામાં કોરોનાએ પગપેસારો કર્યો છે. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝિટિવનો આંકડો ૩૦૦ને પાર રહેતો હતો. જેમાં રવિવારે તા. ૨૧મીએ ઘટાડો નોંધાયો હતો. જ્યારે આજે પુનઃ શહેરમાં ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવનો આંકડો ૩૦૦ને પાર થઈ ૩૧૪ કેસ નવા નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૧૯ હજારને પાર થઈ ૧૯૧૫૧ થયો છે. અમદાવાદમાં આજે વધુ ૧૬ના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૩૪૮ થયો છે. સુરતમાં સતત ત્રણ દિવસથી નવા કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦ પર જઈ રહ્યો છે.

આજે નવા ૧૩૨ કેસ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૩૬૫ થયો છે. જ્યારે વધુ ૫ મોત સાથે ૧૨૮ પર મૃત્યુઆંક પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૧૪, સુરતમાં ૧૩૨, વડોદરામાં ૪૪, જામનગરમાં ૧૦, ગાંધીનગર, જુનાગઢ અને નર્મદામાં ૭-૭, આણંદમાં ૬, ભરૂચમાં ૫, મહેસાણામાં ૪, ભાવનગર, પાટણ અને ખેડામાં ૩-૩, મહિસાગર, સાબરકાંઠા, બોટાદ, ગીર-સોમનાથ, વલસાડ અને અમરેલીમાં ૨-૨, બનાસકાંઠા, રાજકોટ, પંચમહાલ, કચ્છ, સુરેન્દ્રનગર, નવસારીમાં ૧-૧ કેસ સપાટીએ આવ્યા છે. ૩, ભાવનગર, મહીસાગર, આણંદ, પંચમહાલ અને છોટા ઉદેપુરમાં ૧-૧ નોંધાયા હતા.

# દેશમાં ૨૪ કલાકમાં નવા ૧૫,૧૫૮ કેસ

## મૃત્યુઆંક ૧૩,૬૦૦ને પાર, કુલ ૪.૨૫ લાખ કેસ, ૨.૩૭ લાખ સાજા થયા : હવે દરરોજ ૨ લાખની આસપાસ ટેસ્ટ થાય છે, દેશમાં અત્યાર સુધી ૬૮ લાખ ટેસ્ટ કરાયા

ન્યુ દિલ્હી,તા.૨૨

અનલોક-૧માં કોરોના વાઈરસના કેસો દિલ્હીની જેમ દેશમાં પણ સતત વધી રહ્યાં છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, આજે સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન સમગ્ર દેશમાં વિવિધ રાજ્યોમાં કુલ ૧૫,૧૫૮ કેસ નોંધાયા હતા. આ જ સમયગાળામાં વધુ ૪૨૬ લોકોના મોત થતાં મૃત્યુઆંક પણ વધીને ૧૩ હજારને પાર થયો છે. અત્યાર સુધી કોરોના વાયરસના ૪,૨૫,૨૮૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૧,૭૪,૩૮૭ દર્દીઓ સારવાર હેઠળ છે અને ૨,૩૭,૧૯૬ લોકો સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાથી ૧૩,૬૯૯ લોકોના મોત થઈ ગયા છે. કેસો વધવા અંગે એવું કારણ આપવામાં આવી રહ્યું છે કે કોરોના ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવતાં વધુ કેસો બહાર આવી રહ્યાં છે. દિલ્હીમાં કોરોનાના દર્દીઓને ઓક્સિમીટર અપાશે જેથી હોમ આઈસોલેટ દર્દી જાતે જ ઓક્સિજન લેવલ પોતના ઘરે જ ચેક કરી શકશે, એવી જાહેરાત સીએમ અરવિંદ કેજરીવાલે કરી હતી.

સમગ્ર દેશમાં જ્યાં સૌથી વધુ કેસો છે તે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કુલ ૧,૩૨,૦૭૫ કેસ નોંધાયા છે જેમાંથી ૬૦,૧૬૧ એક્ટિવ કેસ છે અને ૬૫,૭૪૪ લોકો સાજા થઈ ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાને કારણે ૬,૧૭૦ લોકોના મોત થયા છે.

દિલ્હીમાં કોરોનાના કુલ ૫૯,૭૪૬ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૨૪,૫૫૮ એક્ટિવ કેસ છે અને ૩૩,૦૧૩ લોકો સાજા થઈ ગયા છે. દિલ્હીમાં ૨,૧૭૫ લોકોએ કોરોનાને કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. તમિલનાડુમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૫૯,૩૭૭ પર પહોંચી ગઈ છે.

જ્યારે એક અન્ય અહેવાલ પ્રમાણે,. સૌથી વધારે ૩૮૭૦ કેસ મહારાષ્ટ્રમાં અને ત્યારપછી ૩૦૦૦ કેસ દિલ્હીમાં આવ્યા હતા. છેલ્લા ૧૩ દિવસોમાં દેશમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા સંક્રમિત દર્દીઓ કરતા વધી રહી છે. હવે ૧ લાખ ૭૫ હજાર ૯૦૪ દર્દીઓની સારવાર ચાલી રહી છે, જ્યારે ૨ લાખ ૩૭ હજાર ૨૫૨ સાજા થઈ ચુક્યા છે. કુલ ૧૩ હજાર ૭૦૩ દર્દીઓના મોત થયા છે.

સૂત્રોએ કહ્યું કે, કોરોના સંક્રમિતોની સંખ્યામાં ઝડપથી થઈ રહેલા વધારાનું એક કારણ ગત દિવસોથી વધારવામાં આવેલું ટેસ્ટીંગ છે. ૧૬ જૂન સુધી દેશમાં દોઢ લાખ ટેસ્ટ થયા હતા. હવે તેની સંખ્યા ૨ લાખની આસપાસ છે. રવિવારે ૧ લાખ ૯૦ હજાર ૭૩૦ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

પાંચ મુખ્ય રાજ્યોમાં કોરોનાના કેસો જોઈએ તો ઉત્તરપ્રદેશમાં રવિવારે બાગપતમાં ૧૧, હરદોઈ અને મુરાદાબાદમાં ૮-૮, મુઝફ્ફરનગરમાં ૨, ફર્રુખાબાદમાં ૭, એટામાં ડોકટર સહિત ૯ લોકોમાં કોરોનાની પુષ્ટી થઈ છે. આ સાથે જ રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૭ હજાર ૨૦૦ પહોંચી ગઈ છે.

બિહારના ૧૬ જિલ્લામાં રવિવારે ૨૧ મહિલાઓ સહિત ૯૯ પોઝિટિવ મળ્યા હતા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૭૬૦૨ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય વિભાગે જણાવ્યું કે, દરભંગા જિલ્લામાં કોરોનાના સૌથી વધારે ૩૨ કેસ આવ્યા હતા. ત્યારબાદ સમસ્તીપુરમાં ૧૮, બાંકા અને ભાગલપુરમાં ૯-૯, પટના અને રોહતાસમાં ૫-૫, સીવાનમાં ૦૪, કિશનગંજ અને નવાદામાં ૩-૩, ભોજપુર, મધેપુરા, મુંગેર, અને પશ્ચિમ ચંપારણમાં ૨-૨, જહાનાબાદ, નાલંદા અને વૈશાલીમાં ૧-૧ સંક્રમિત મળી આવ્યા હતા.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૯૦૯૮૯૭૦ | ૪૭૧૫૧૯ | ૪૮૬૩૦૩૦ |
| ભારત | ૪૩૨૧૯૯ | ૧૩૮૦૮ | ૨૪૧૧૪૦ |
| ગુજરાત | ૨૭૮૮૦ | ૧૬૮૫ | ૧૯૯૧૭ |
| ગાંધીનગર | ૫૮૯ | ૩૧ | ૩૫૦ |

# કોરોનાના સંક્રમણની ગતિ ઘટી

નવી દિલ્હી, તા. ૨૨

ભારતમાં કોરોના વાયરસની પકડ થોડી ઢીલી પડતી હોય એમ લાગે છે. વિશ્વના બાકીના દેશોની સરખામણીએ ભારતમાં કોરોનાની ગતિ તો ધીમી છે જ વળી માંદગીમાંથી સાજા થનારાઓની સંખ્યા પણ વધુ છે. દેશનો રિકવરી રેટ હાલમાં ૫૫.૭૭ ટકા છે, જે અમેરિકા, બ્રાઝિલ, રશિયા જેવા દેશો કરતા ખૂબજ સારો છે. સત્તાવાર આંકડાના અનુસાર દેશમાં કોરોનાના ૪.૨૫ લાખ મામલામાંથી ૨.૩૭ લાખથી વધુ લોકો રિકવર થઈ ગયા છે. આ ઉપરાંત વસતીની દ્રષ્ટીએ પણ કોરોનાને કાબૂમાં લેવા સંદર્ભે ભારતે સારો દેખાવ કર્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક અહેવાલને ટાંકતા જણાવ્યું છે કે ભારત તેની ખૂબજ વધુ જનસંખ્યા છતાં પ્રતિ લાખ વસતીએ સૌથી ઓછા કોરોનાના કેસની યાદીમાં સામેલ છે. ભારતમાં પ્રતિ લાખની વસતી પર ૩૦.૦૪ મામલા છે જ્યારે ગ્લોબલ એવરેજ આના કરતા ત્રણ ગણા કરતા પણ વધુ ૧૧૪.૬૭ છે. કોઈ પણ દેશમાં કોરોનાનો રિકવરી રેટ સારા થઈ ગયેલા દર્દીઓની સરખામણીએ ત્યાંની તુલનાએ ર્દીઓની સંખ્યા વધુ છે. માની લઈએ કે કોઈ દેશમાં ૧૦૦ મામલા સામે આવ્યા છે જેમાં ૪૦ રિકવર થઈ ગયા છે તો એ દેશનો રિકવરી રેટ ૪૦ ટકા થશે. રિકવરી રેટથી કોઈ દેશમાં કોરોનાની સ્થિતિની ભયાનકતાનો અંદાજ આવી શકે છે. જેમ કે ઈટાલી, સ્પેન અને અમેરિકામાં એક સમયે રિકવરી રેટ ખૂબજ ઓછો હતો અને મોટી સંખ્યામાં લોકોનાં મોત થઈ રહ્યા હતા. સાથે જ નવા મામલા પણ સામે આવી રહ્યા હતા. ભારતમાં એવું નથી. અહીં જો નવા કેસ સામે આવી રહ્યા છે તો રોજ તેનાથી વધુ દર્દી સાજા થઈ રહ્યા છે. દેશનું પાટનગર જે અત્યાર સુધીમાં કોરોના કેસના બોજા હેઠળ દબાયેલું હતું ત્યાંથી સાર સમાચાર આવ્યા છે. પહેલી વખત દિલ્હીમાં સાજા થયેલા કોરોના પેશન્ટ, એક્ટિવ દર્દીઓથી વધુ થઈ ગયા છે. છેલ્લા ચાર માસમાં દિલ્હીના રિકવરી રેટમાં ૧૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

## બે દિવસમાં ત્રણ કંપનીઓને મંજૂરી મળી

# કોરોનાની સારવાર માટે સિપલાએ દવા લોન્ચ કરી

### છેલ્લા બે દિવસમાં સૌથી પહેલા ગ્લેનમાર્કે અને પછી હેટેરોએ કોરોનાની સારવાર માટેની દવા લોન્ચ કરી છે

મુંબઈ, તા. ૨૨

સતત બે ફાર્મા કંપનીઓ દ્વારા કોવિડ-૧૯ની દવા લોન્ચ કર્યા બાદ હવે સિપ્લાએ પણ ડીસીજીઆઈની રેમડેસિવીર (Eemdesivir) દવા રજૂ કરવાની મંજૂર મળી ગઈ છે. સિપ્લા આ દવાને બજારમાં ૐઈઈર્સૈના બ્રાન્ડ નામથી ઉતારશે. પાછલા બે દિવસમાં ત્રણ કંપનીઓ કોરોનાની સારવાર માટે દવા લોન્ચ કરી છે. સૌથી પહેલા ગ્લેનમાર્કે અને પછી હેટેરો ડ્રગ્સે દવા લોન્ચ કરી છે. યુએસ એફડીએએ ઈમરજન્સી યુઝ ઓથોરોઈજેશન અંતર્ગત ગિલેડ સાયન્સ ઈંકને કોરોના વાયરસ સારવાર માટે રેમડેસિવીરના ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. ગત મહિને ગિલેડ સાયન્સે સિપ્લાને આ દવાનું ઉત્પાદન અને માર્કેટિંગને નોન એક્સક્લુસિવ મંજૂરી આપી હતી.

હવે સિપ્લાને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)થી મંજૂરી મળી ગઈ છે. જે અંતર્ગત કંપનીએ CIPEEMI બ્રાન્ડ નામથી આ દવાને લોન્ચ કર્યો છે. રિસ્ક મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત, સિપ્લા આ દવાના ઉપયોગ કરવા માટે ટ્રેનિંગ આપશે અને દર્દીઓને એક ફોર્મ ભરવાનું રહેશે. પોસ્ટ માર્કેટ સર્વિલન્સ હેઠળ દર્દીઓ ઉપર ચોથા તબક્કાનું ક્લિનિકલ ટ્રાયલ પણ કરશે. રેમડેસિવીરના ટ્રાયલ અમેરિકા, યુરોપ અને એશિયાના ૬૦ સેન્ટર્સમાં ૧૦૬૩ દર્દીઓ ઉપર કરવામાં આવ્યો છે. આ ટ્રાયલમાં હોસ્પિટલમાં રાખેલા દર્દી ઉપર દવાથી સારી રિકવરી લાવવા માદદ મળી છે. આમાંથી મોટાભાગના દર્દીઓ ઓકિસન ઉપર હતા. રેમડેસિવીર દવા આપ્યા પછી દર્દીઓમાં મૃત્યુ દર ૭.૧ ટકા રહ્યો. હવે આ દવાને લોન્ચ કર્યા બાદ સંભાવી માંગ અને ઉપલબ્ધતાને જોઈને સિપ્લા અને ફેસિલિટીઝ અને પાર્ટનર્ડ સાઈટ્સ થકી આને કોમર્શિયલાઈઝ કરશે. આ દવાની સપ્લાઈ સરકારી અને ઓપન માર્કેટ ચેનલ થકી કરાશે. કંપનીએ એ સુનિશ્ચિત કરવા માંગે છે કે આ દવાનું પર્યાપ્ત વિતરણ થઈ શકે.

# ભરતસિંહ સોલંકી કોરોના પોઝિટિવ : સારવાર હેઠળ

### હાલમાં જ કોંગ્રેસ તરફથી રાજ્યસભાની ચૂંટણીમાં હારી ગયા હતા : સંપર્કમાં આવનારા નેતાઓમાં ચિંતા ફેલાઈ

વડોદરા, તા. ૨૨

ગુજરાત કોંગ્રેસની મુશ્કેલીઓ ઓછું થવાનું નામ નથી લઈ રહી. રાજ્યસભાની એક બેઠક હાર્યા બાદ ગુજરાત કોંગ્રેસ ફરીથી મુશ્કેલીમાં મુકાઈ છે. ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ રાજ્યસભા ઉમેદવાર ભરત સિંહ સોલંકીને કોરોના પોઝિટિવ આવતા પક્ષના બેળામાં ખળભળાટ મચ્યો છે. હાલ તેમને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ તેઓ રાજ્યસભાની ચૂંટણી હારી ગયા. કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તેમને સારવાર માટે વડોદરાની બેન્કર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યો સહિત તેમની સાથે સતત સંપર્કમાં રહ્યાં હતાં. આવામાં હાલ કોંગ્રેસના નેતાઓ ચિંતામાં પડયાં છે.

## ભરતસિંહ સોલંકીના ખબરઅંતર પૂછતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અગ્રણી ભરતસિંહ સોલંકીને કોરોના પોઝીટીવ રિપોર્ટ આવ્યો હોવાના સમાચાર મળતાં જ તેમની સાથે ટેલીફોનીક વાતચીત કરીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા.

મુખ્યમંત્રીએ સોલંકીને શ્રેષ્ઠ સારવાર સુવિધા માટે સંપૂર્ણ મદદની ખાતરી આપી હતી અને તેઓ જલ્દી સ્વસ્થ થઈ પુનઃ લોક સેવામાં કાર્યરત થઈ જાય તેવી શુભેચ્છાઓ આપી હતી.

# વડાપ્રધાને શબ્દો અંગે સભાનતા રાખવી જરુરી : મનમોહન સિંઘ

નવી દિલ્હી, તા. ૨૨

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘે લદ્દખદા ઘર્ષણ મામલે સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણી અંગે ચાલી રહેલા વિવાદનો દેખીતો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે વડાપ્રધાને કાયમ તેમના શબ્દોની અસરો અંગે સભાન રહીને બોલવું જોઈએ. મનમોહન સિંઘે સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકારને કહ્યું છે કે તે ચીની સૈનિકો સાથે થયેલી હિંસક ઝપાઝપીમાં શહીદ થયેલા ૨૦ સૈનિકો માટે ન્યાય સુનિશ્ચિત કરે અને ભારતની ક્ષેત્રીય અખંડિતાનો બચાવ કરે. તેમણે લડાખમાં ચીન સાથે ચાલી રહેલા ગતિરોધ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તાજેતરના નિવેદન અંગે તેમની ટીકા કરતા કહ્યું છે કે મોદીને પોતાના નિવેદનથી ષડયંત્રકારી વલણને તાકાત ન આપવી જોઈએ. સરકારના તમામ અંગોને મળીને હાલના પડકારોનો સામનો કરવો જોઈએ. પીએમ ચીનને પોતાના શબ્દોના ઉપયોગ કરવાની અનુમતિ ન આપી શકે. પીએમે કાયમ પોતાના શબ્દો મામલે રાષ્ટ્રની સલામતી અંગેની જાહેરાતો માટે સાવધ રહેવું જોઈએ. કૂટનીતિ અંગે ખોટી માહિતી યોગ્ય બાબત નથી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-ચીન વચ્ચેની તંગદિલી અંગે શુક્રવારે બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં કહ્યું હતું કે ન કોઈ અમારા વિસ્તારમાં ઘુસ્યું છે અને કોઈએ અમારી ચોકી પર કબ્જો પણ કર્યો નથી. તેમના આ નિવેદન અંગે વડાપ્રધાન કચેરીએ શનિવારે કહ્યું હતું કે સર્વપક્ષીય બેઠકમાં તેમના (મોદી) નિવેદનની કેટલાક વર્ગોમાં ખોટી વ્યાખ્યાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. પૂર્વ વડાપ્રધાને એક નિવેદનમાં કહ્યું કે ૧૫-૧૬ જૂન, ૨૦૨૦ના રોજે ગલવાન ખીણમાં ભારતના ૨૦ જવાનોએ વીરતાની સાથે પોતાની ફરજ અદા કરીને દેશ માટે પોતાનું બલિદાન આપ્યું છે. આ સર્વોચ્ચ બલિદાન માટે અમે આ સાહસી સૈનિકો અને તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞ છીએ. પરંતુ તેમનું આ બલિદાન વ્યર્થ ન જવું જોઈએ. સિંઘે ઉમેર્યું કે આજે અમે એક ઈતિહાસના એક નાજુક વળાંક પર ઊભા છીએ.

# ઉદ્ધવ ઠાકરે સરકારે ચીનના ત્રણ પ્રોજેક્ટ અટકાવી દીધા

મુંબઈ, તા. ૨૨

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે સરકારે ચીની કંપનીઓ સાથે કરારબદ્ધ કરાયેલા ત્રણ પ્રોજેક્ટોને સ્થગિત કરી દીધા છે. લડાખ સરહદે ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા ઘર્ષણને કારણે તંગદિલી ઊભી થતાં રાજ્ય સરકારે આ પગલું ભર્યું છે. ઉલ્લેખનીય છે કે આ તંગદિલીમાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થયા છે. ૨ ૫,૦૦૦ કરોડથી વધુના સૂચિત રોકાણ સાથેના પ્રોજેક્ટોને તાજેતરમાં યોજાયેલી ઈન્વેસ્ટર્સ મીટ મેગ્નેટિક મહારાષ્ટ્ર ૨.૦માં અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યા હતા. સરહદી વિવાદ ચાલી રહ્યો હતો ત્યારે જ આ પ્રોજેક્ટો અંગે ચર્ચા થઈ હતી. આ મામલે મહારાષ્ટ્રના ઉદ્યોગ મંત્રી સુભાષ દેસાઈએ જણાવ્યું હતું કે 'હા, કેન્દ્ર સાથે મસલત કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે. અમે પ્રોજેક્ટોને સ્થગિત કરી દીધા છે અને કેન્દ્ર તરફથી વધુ નિર્દેશોની રાહ જોઈ રહ્યા છીએ.' ગત સોમવારે જ વીડિયો કોન્ફરન્સિંગ થકી કોન્ફરેન્સ યોજાઈ હતી અને તેમાં ચીનના રાજદૂત સુન વીડોંગ હાજર રહ્યા હતા. મહારાષ્ટ્રમાં અર્થતંત્રને નવેસરથી વેગ આપવાનો આ એક પ્રયાસ હતો. આ કોન્ફરન્સમાં ચીન, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને અમેરિકા સહિત અનેક દેશો સાથે ડઝનબદ્ધ એમઓયુ પર હસ્તાક્ષર કરાયા હતા. આ જ દિવસે પૂર્વી લડાખની ગલવાન ખીણમાં ભારત અને ચીન વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું અને બન્ને દેશોના જવાનો સામસામે આવી ગયા હતા. ૨૦ સૈનિકો શહીદ થયા હતા. આ ઘટના બાદ સમગ્ર દેશમાં જોરદાર વિરોધનો વંટોળ ઊભો થયો હતો અને ચીની માલસામાનના બહિષ્કારની માગ ઊઠી હતી. મહારાષ્ટ્ર ઈન્વેસ્ટર્સ ઈવેન્ટમાં હસ્તાક્ષર કરાયેલા ૧૨ સમજૂતીપત્રોમાંથી ૨ ૨૫૦ કરોડનું હેંગલી એન્જીનીયરિંગનો પ્રોજેક્ટ સામેલ છે. આ ઉપરાંત ગ્રેટ વોલ મોટર્સ સાથે ૨ ૩,૭૭૦ કરોડનો સૌથી મોટો પ્રોજેક્ટ પણ આમાં હતો.

## સુપ્રીમની મંજુરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે પુરીમાં કોરોના વાયરસના કેસોમાં વધારો થતો હોય ત્યારે રાજ્ય સરકાર રથયાત્રા બંધ કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સુપ્રીમે પુરીમાં રથયાત્રાને મંજૂરી આપવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ ઓડિશામાં પુરી સિવાય બીજે ક્યાંય નહીં. સીજેઆઈએ કહ્યું, શંકરાચાર્યનો સમાવેશ કરવાનો અમારો કોઈ હેતુ નથી. જગન્નાથ મંદિર ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકાર હેઠળ રથયાત્રા કાઢવામાં આવે છે. સીજેઆઈ કહે છે કે અમે જરૂરિયાત કરતા વધારે પક્ષો ઉમેરવા માંગતા નથી અને અમે કેન્દ્ર સરકારને પૂછીએ કે રથયાત્રા કેમ કરવી જોઈએ. સીજેઆઈ કહે છે અને ઓડિશા સરકાર સંમત છે કે ક્યાંય પણ રથયાત્રા ન થવી જોઈએ. જગન્નાથ પુરી રથયાત્રા અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ત્રણ સભ્યોની બેંચમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ, જસ્ટિસ એસ.એ.બોબીડે, જસ્ટીસ એ.એસ. બોપન્ના, જસ્ટિસ દિનેશ મહેશ્વરીનો સમક્ષ થઈ હતી. કેન્દ્ર વતી એસ.જી. તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સદીઓની પરંપરા રોકી શકાતી નથી. તેમણે કહ્યું કે કરોડોની શ્રદ્ધાની વાત છે. ભગવાન જગન્નાથ કાલે નહીં આવે તો પરંપરાઓ મુજબ તેઓ ૧૨ વર્ષ સુધી આવી શકશે નહીં. તેમણે દલીલ કરી હતી કે રાજ્ય સરકાર રોગચાળો ફેલાય નહીં તેની કાળજી રાખીને એક દિવસ માટે કર્ફ્યુ લાદી શકે છે. શંકરાચાર્ય દ્વારા નિર્ધારિત ધાર્મિક વિધિઓમાં તે તમામ સેવકો ભાગ લઈ શકે છે કે જેના કોરોના ટેસ્ટ નેગેટિવ છે. લોકો ટીવી પર લાઈવ ટેલિકાસ્ટ જોઈ અને આશીર્વાદ લઈ શકે છે. પુરીના રાજા અને મંદિર સમિતિ આ ધાર્મિક વિધિઓની વ્યવસ્થાની દેખરેખ રાખી શકે છે. હકીકતમાં, ૧૮ જૂને ચીફ જસ્ટિસની ત્રણ જજોની બેંચને રથયાત્રા બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ હુકમમાં સુધારાની માંગ માટે સુપ્રીમ કોર્ટમાં એક ડઝન પિટિશન દાખલ કરવામાં આવી છે, જે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી માટે સિંગલ જજના ખંડપીઠના જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ્ટ સમક્ષ આવી હતી. એ એક કાયદાકીય આંટી ઘૂંટી છે કે એક જજ ત્રણ જજની બેંચના આદેશમાં સુધારો કરી શકતા નથી. તેથી, કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટના બે ન્યાયાધીશવાળી અરુણ મિશ્રાની ખંડપીઠ સમક્ષ આ મામલો મુક્યો હતો, તેમણે કહ્યું હતું કે ૧૮ જૂને રથયાત્રા પર પ્રતિબંધ મૂકવાનો આદેશ ચીફ જસ્ટિસની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો. અરજીમાં સુપ્રીમ કોર્ટને અપીલ કરવામાં આવી છે કે બદલાયેલા સ્વરૂપમાં રથયાત્રા કાઢવાની મંજૂરી આપવાની વિચારણા કરવામાં આવે. પુરી શહેરને સંપૂર્ણ શટડાઉન કરીને અને જિલ્લામાં બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકીને રથયાત્રા કાઢવાની દરખાસ્ત કરવામાં આવી છે.

## પરિક્રમા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૯ કલાકથી કરફ્યુ જાહેર કરી દેવાતા કોરોના કાળમાં રાત્રિના સમયે નાગરિકો ઘરની બહાર ટહેલવા માટે નિકળે તો પણ પોલીસ કડક પુછતાછ કરીને ઘરે પરત મોકલી દે છે. જયારે કોરોનાના કહેર વચ્ચે અન્ય લગ્ન સમારંભો , સાંસ્કૃતિક કે ધાર્મિક કાર્યક્રમોને પણ છુટછાટ આપવામાં આવી નથી. ત્યારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાને પણ આ વર્ષે કોરોનાએ જાણે મંદિર પરિસર સુધી જ કેદ કરી લીધી હોય તેવુ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરમાં છેલ્લા ૩૫ વર્ષથી ભગવાના જગન્નાથજીની રથયાત્રા નિકળે છે. હાથી , ઘોડા અને બેન્ડવાજા તેમજ ડી જે ના સુર અને ભજનમંડળી સહીત મોટી સંખ્યામાં ભાવિકો રથયાત્રામાં જોડાય છે. રથયાત્રાનુ દરેક સેકટરોના શોપિંગે તેમજ શેરીઓમાં ભવ્ય સ્વાગત તેમજ ભગવાનની પુજા આરતી કરવા માટે પણ ભાવિકો ઉત્સુક હોય છે. રથયાત્રા દરમિયાન દરવર્ષે જલારામ ધામ ખાતે ભાવિકોન ભગવાનના મોસાળામાં ખીચડી અને મોહનથાળનો મહાપ્રસાદ પણ પીરસવામાં આવે છે. શહેરમાં રથયાત્રાનુ પવિત્ર પર્વ દિવ્ય વાતાવરણમાં ભવ્ય રીતે ઉજવાય છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીએ ભાવિકોને પણ નિરાશ કરી દીધા છે. ભગવાનનો રથ શહેરના માર્ગો પરથી પસાર નહીં થાય કેમ કે રથયાત્રા મંદિર પરિસર સુધી જ સિમિત રહેશે.

પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી તેમજ સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડિયા સહીત અન્ય આગેવાનોએ કોરોનાથી બચવા આ વર્ષે રથયાત્રા મંદિર પરિસરમાં જ યોજવા આયોજન કર્યુ છે. જે અન્વયે સવારે ૭:૩૦ કલાકે ભગવાનની પુજા વિધી બાદ આરતી કરાશે. સ્વયંસેવકો સહીત મર્યાદિત સભ્યોની હાજરીમાં ભગવાનની સવારે આરતી કરાશે ત્યારબાદ જય રણછોડ માખણચોરના જયઘોષ વચ્ચે પંચદેવ મંદિર પરિસરમાં ભગવાનની રથયાત્રા આગળ વધશે અને મંદિર સંકુલમાં સ્થિત હનુમાન મંદિર પાસે રથયાત્રા વિસામો કરશે જયારે રથયાત્રાના આ પર્વ દરમિયાન ભાવિકોને પણ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવા ઉપરાંત ફરજિયાત માસ્ક પહેરવાનો રહેશે. સાંજના ૭ કલાકે ભગવાનની આરતી કરાશે. સમગ્ર રાજયમાં અંદાજિત ૧૩૫ સ્થળો પરથી રથયાત્રા નિકળે છે.જયારે આ તમામ સ્થળો પર રથયાત્રાનુ આયોજન આ પ્રમાણે જ કરવા વિચારણા કરવામાં આવી છે. બીજીતરફ પુરીમાં પણ જગન્નાથજીની રથયાત્રાને શરતી મંજુરી આપવામાં આવી છે. જયારે અમદાવાદમાં પણ રથયાત્રા માટે મંજુરી આપવામાં આવી નથી. જયારે છેલ્લા ૩૫ વર્ષથી શહેરમાં નિકળતી રથયાત્રા આ વર્ષે કોરોનાના કપરાકાળમાં મંદિર પરિસર સુધી જ સિમિત રહેશે.

## આવાસો બાંધશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો હતો તાપી હોલમાં આયોજિત ડ્રો ની પ્રકીયા દરમિયાન પ્રભારી મંત્રી કૌશિક પટેલના હસ્તે ડ્રો કરાયો હતો જયારે લાભાર્થીઓને આવાસની ફાળવણી પણ કરવામાં આવી હતી. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે આગામી દિવસોમાં ગુડા દ્વારા હજુ ૨૧૦૦ જેટલા નવા મકાનાનુ નિર્માણ કરવામાં આવશે. વાવોલ, પેથાપુર અને સરગાસણમાં આ નવા આવાસોનુ નિર્માણ કરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૨૩ કરોડનો ખર્ચ કરાશે. અત્યાર સુધી ગુડાએ રૂ ૩૩૩ કરોડના ખર્ચે ૨૭૩૬ આવાસોનુ નિર્માણ કર્યુ છે. જયારે આજે કુડાસણ અને સરગાસણમાં પણ ૫૬ કરોડના ખર્ચે ૭૨૮ મકાનો બનાવાની કામગીરી ચાલી રહી છે. આગામી ફેબ્રુઆરી મહીનામાં આ લાભાર્થીઓને આવાસ ફાળવી દેવાશે. આવનારા દિવસોમાં નવા ઘરોમાં રહેવા જનાર આ લાભાર્થીઓને તેમણે અભિનંદન આપ્યા હતા. ગુડાએ અત્યાર સુધી રાયસણ , કુડાસણ , ચિલોડા અને અડાલજમાં નવા આવાસો બાંધ્યા છે. જયારે તૈયાર કરાયેલા આ ૨૭૩૬ આવાસમાં હાલ પરિવારજનો પોતાનો વસવાટ કરી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં પણ પરિવારજનોની માંગણીને ધ્યાને લઈને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારજનોને સુંદર મકાન મળે તે માટે નવા આવાસો બાંધવામાં આવશે. ગુડા દ્વારા ન્યુ ગાંધીનગરમાં નવા આવાસોની સાથે નવા ઉદ્યાનો સહીત માળખાગત સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે.